# બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા

## સત્સંગ શિક્ષણ પરીક્ષા (જાન્યુઆરી, ૨૦૦૪)

**સમય : સવારે ૯:૦૦ થી ૧૨:૦૦** **પૂર્વ કસોટી : સત્સંગ પ્રાજ્ઞ : દ્વિતીય ખંડ - પ્રશ્નપત્ર-૧** **કુલ ગુણ : ૧૦૦**

**નોંધ :- જમણી બાજુએ આપેલ અંક જે તે પ્રશ્નના ગુણાંક દર્શાવે છે.**

**('વચનામૃત'ને આધારે)**

**પ્રશ્ન.૧. (અ) નીચે આપેલાં સૈદ્ધાંતિક વાક્ય, દૃષ્ટાંત કે વિષયમાંથી કોઈપણ ત્રણ વિષે મુદ્દાસર નોંધ લખો.** (ગુણ ૨૧)

૧. ગ.મ. ૧૩ પ્રમાણે શ્રીજીમહારાજનું સર્વોપરીપણું.
૨. બાહેર પંચ ઇન્દ્રિયો દ્વારે વિષયનો માર્ગ બંધ રાખવો એ જ કામાદિકને જીત્યાનો દૃઢ ઉપાય છે.
૩. નિર્બળતા ટાળવાનો ઉપાય.
૪. જીવનું રૂડું કરવાનો ઉપાય ભગવાનના ભક્તની સેવા.
૫. કારિયાણી-૧૦ પ્રમાણે ત્યાગ કરવા યોગ્ય સંગ અને શાસ્ત્ર.

**(બ) નીચેનાં વાક્યોની પૂર્તિ કરો અને વચનામૃતના સંબંધિત ક્રમાંક ટાંકો.** (ગુણ ૧૫)

૧. જ્યારે પોતાની કોરનું ...................................... તુચ્છ સરખું જણાયા કરે છે.
૨. માટે જેને ભગવાનને ...................................... એ પ્રીતિનું લક્ષણ છે.
૩. જેમ રાજા હોય ને તેની ...................................... સાધુનો પણ પ્રતાપ છે.
૪. માટે વૈરાગ્યનું બળ હોય ...................................... અતિદૃઢ કરીને રાખવા.
૫. અને જેને પૂર્વજન્મમાં ...................................... ડગમગાટ થાય નહિ.

**(ક) નીચેનામાંથી કોઈપણ એક વિષય પર અભ્યાસક્રમના વચનામૃતને આધારે ક્રમાંક નોંધી બે અવતરણો લખો.** (ગુણ ૪)

૧. ઉપાસના ૨. નિષ્કામ ધર્મ ૩. પ્રીતિ

**('સ્વામીની વાતો'ના આધારે)**

**પ્રશ્ન.૨. (અ) નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો.** (ગુણ ૬)

૧. સ્વામી પૂર્વાશ્રમમાં હતા, ત્યારે મહારાજે તેમને શું કહ્યું ?
૨. વિષયે કોને કોને બાંધ્યા છે ?
૩. મુમુક્ષુ બ્રહ્મરૂપ કેવી રીતે થાય છે ?
૪. પતંગિયો કોનો અભિપ્રાય જાણી શકતો નથી ?
૫. મહારાજે સત્સંગીઓને અર્થે શું કૃષ્ણાર્પણ કરી રાખ્યું છે ?
૬. મોટાના ગુણ મુમુક્ષુમાં કઈ રીતે આવે ?

**(બ) નીચેનાં વાક્યોમાં કૌંસમાં આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધીને પૂર્તિ કરો.** (ગુણ ૪)

૧. જ્યારે જ્યારે આ માર્ગે ચાલીએ છીએ, ત્યારે .............................. સાંભરી આવે છે. (ભગવાન, મહારાજ, મૂર્તિ)
૨. તે દોષ જોનારો .............................. કલ્પ સુધી નિવૃત્તિ પામતો નથી. (અનંત, કોટિ, હજારો)
૩. આ જ તો સત્સંગમાં .............................. હશે તે પણ હજારો જીવનું કલ્યાણ કરશે. (છોકરાં, ડોશીયું, ભક્તો)
૪. રૂડા ગુણ .............................. કરીને નાશ થઈ જાય છે. (પક્ષપાતે, કુસંગે, દેહાભિમાને)

**(ક) અભ્યાસક્રમની સ્વામીની વાતોના આધારે નીચેનામાંથી કોઈપણ એક વિષે વિસ્તૃત નોંધ લખો.** (ગુણ ૧૦)

૧. જ્ઞાન પ્રાપ્તિની આવશ્યકતા ૨. પંચ વિષયની તુચ્છતા
૩. ગુણાતીતાનંદ સ્વામીનું કથા-કૌશલ્ય

**('ભગવાન સ્વામિનારાયણ ભાગ - ૧ તથા ૨' નવી આવૃત્તિને આધારે)**

**પ્રશ્ન.૩. (અ) નીચેનામાંથી કોઈપણ એક વિષય પર નિબંધ લખો.** (ગુણ ૨૦)

૧. શ્રીહરિએ પ્રવર્તાવેલ સમાધિ પ્રકરણ ૨. નીલકંઠે આપેલા વરદાન
૩. ઘનશ્યામનાં બાળચરિત્રોમાં દેખાતું ભગવાનપણું.

**(બ) નીચેનામાંથી કોઈપણ બે વિષે મુદ્દાસર નોંધ લખો.** (ગુણ ૨૦)

૧. માણાવદર અને ભાડેરની ધર્મસભા. ૨. પુલ્હાશ્રમમાં કઠોર તપશ્ચર્યા.
૩. મગનીરામમાંથી અદ્વૈતાનંદ ૪. ઘનશ્યામને ઉપવીત સંસ્કાર

**નોંધ : (૧) ઉપરોક્ત તમામ પ્રશ્નોમાંથી ઓછા-વત્તા (થોડા-ઘણા) પ્રમાણમાં પ્રશ્નો તા. ૨૯ ફેબ્રુઆરી, ૨૦૦૪ના રોજ લેવાનાર મુખ્ય પરીક્ષામાં પણ પુછાવાની શક્યતાઓ રહેલી છે.**

(૨) મુખ્ય પરીક્ષા દિને વર્ગખંડમાં હાજર રહેલ પ્રત્યેક પરીક્ષાર્થી ભૂલ્યાં વગર વર્ગસુપરવાઇઝર પાસેથી પોતાની જ વિગત દર્શાવતું સ્ટીકર મેળવી લઈને પોતાની જ જવાબવહીના મુખ્ય પૃષ્ઠ ઉપર દર્શાવેલ જગ્યામાં ચોંટાડ્યા બાદ વર્ગસુપરવાઇઝરની સહી જવાબવહી ઉપર કરાવી લે. **વર્ગસુપરવાઇઝરની સહી વગરની જવાબવહી માન્ય ગણાશે નહીં.**

(૩) પરીક્ષાર્થી ફક્ત વાદળી અથવા કાળી શ્યાહીવાળી પેનથી જ જવાબવહીમાં ઉત્તરો લખે. પેન્સિલથી, લાલ, લીલી કે અન્ય શ્યાહીથી લખેલ ઉત્તરો માન્ય ગણાશે નહીં.

* * *